દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫

અરૂણાચલ બાબતે ભારતે ચીન સામે સાવધાન રહેવું પડશે

ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી ચાલતી તીવ્ર શત્રુતાનો હાલ અંત આવેલો જણાય છે ત્યારે હાલ બહાર આવેલો એક અમેરિકી અહેવાલ ચિંતા જન્માવે તેવો છે. અહેવાલના સંકેતો મુજબ ભારત અને ચીન પૂર્વી લદ્દાખમાં અંકુશ હરોળ પર વર્ષોથી ચાલી રહેલા સરહદી અવરોધનો ભલે અંત લાવી ચૂક્યા હોય, પરંતુ આગામી વર્ષોમાં બીજો એક વિવાદ શરૂ થઈ શકે છે. તાજેતરના અમેરિકી લશ્કરી વડામથક પેન્ટાગોનના અહેવાલ મુજબ, ચીને તાઇવાનની સાથે તેના મુખ્ય હિતોમાં અરુણાચલ પ્રદેશ પરના પોતાના દાવાને પણ સામેલ કર્યો છે. આમ તો જો કે ચીન અરૂણાચલ પ્રદેશ પર પોતાનો દાવો લાંબા સમયથી કરી જ રહ્યું છે તે જાણીતી બાબત છે, પરંતુ તાઇવાનની જેમ જ અરૂણાચલ પ્રદેશને પણ તેણે પોતાના મુખ્ય હિતોમાં શામેલ કર્યું હોય તો તે વધુ ગંભીર બાબત છે. આ બાબત સૂચવે છે કે આ ઉત્તરપૂર્વીય રાજ્ય નવી દિલ્હી-બેઇજિંગ સંબંધોમાં મુખ્ય તનાવ બિંદુ તરીકે ઉભરી શકે છે. અરૂણાચલ પ્રદેશ અંગે ભારતે હંમેશા એવું વલણ જાળવી રાખ્યું છે કે અરુણાચલ હંમેશા દેશનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે.

ગયા વર્ષે, ભારત અને ચીન પૂર્વી લદ્દાખમાં LAC પર સૈનિકોને પાછા ખેંચવા માટે એક કરાર પર પહોંચ્યા હતા. જો કે, મહિનાઓ સુધી શાંતિ રહ્યા પછી, તાજેતરમાં અરુણાચલ પ્રદેશ પર તણાવ ઉભો થયો છે. ગયા મહિને, લંડનથી જાપાન જઈ રહેલી પ્રેમા થોંગડોક નામની એક ભારતીય નાગરિકને શાંઘાઈમાં તેના રોકાણ દરમિયાન 18 કલાક માટે અટકાયતમાં રાખવામાં આવી હતી. થોંગડોકે કહ્યું કે ચીની અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેનો પાસપોર્ટ અમાન્ય છે કારણ કે તેમાં તેનું જન્મસ્થળ અરુણાચલ પ્રદેશ દર્શાવવામાં આવ્યું હતું. . બેઇજિંગ અરુણાચલ પ્રદેશને ચીનનો ભાગ ગણાવે છે અને આ પ્રદેશને તે દક્ષિણ તિબેટ અથવા ઝાંગનાન કહે છે. ચીન 1914માં બ્રિટિશરો દ્વારા દોરવામાં આવેલી મેકમોહન રેખાને સ્વીકારતું નથી. તે સરહદ સીમાંકન પર બ્રિટન અને તત્કાલીન સ્વતંત્ર તિબેટ દ્વારા સંમતિ દર્શાવવામાં આવી હતી. સમગ્ર અરુણાચલમાંથી, તવાંગ ચીન માટે ખાસ મહત્વનું છે. હકીકતમાં, અગાઉ, ચીને ફક્ત તવાંગ પર દાવો કર્યો હતો. બાદમાં, તેણે આ સમગ્ર ઇશાન ભારતીય રાજ્ય સુધી દાવો વિસ્તાર્યો. ત્યાર બાદ તો ચીને અરૂણાચલના કેટલાક પર્વતો, નદીઓ વગેરેને ચીની નામો પણ આપ્યા છે જે ભારત પર દબાણ લાવવા માટેનું દેખીતું પગલું છે.

એક ભૂતપૂર્વ રાજદ્વારીએ આ અંગે જણાવ્યું છે કે અમેરિકા દ્વારા અરુણાચલ પ્રદેશમાં ચીનની રણનીતિની નોંધ લેવાઇ તે મહત્વપૂર્ણ બાબત છે. ભૂતકાળમાં, અમેરિકા લદ્દાખ સંબંધિત ઘટનાઓની વિગતવાર માહિતી આપવામાં ખૂબ જ સક્રિય રહ્યું છે, પરંતુ અરુણાચલ પ્રદેશ પર ચૂપ રહ્યું છે. હવે જ્યારે તેણે આ પગલાંઓની નોંધ લીધી છે, ત્યારે તે દર્શાવે છે કે અમેરિકા અરુણાચલ પ્રદેશમાં ચીન દ્વારા કરવામાં આવતી યુક્તિઓથી વધુ સારી રીતે વાકેફ છે એમ મહેશ સચદેવ નામના આ નિષ્ણાતે હાલમાં કહ્યું હતું. અમેરિકી રિપોર્ટમાં ભારત માટે બીજી ચેતવણી હતી. તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે LAC પર તણાવ ઓછો કરવો એ ચીનની લાંબા ગાળાની બેવડી વ્યૂહરચનાનો ભાગ હતો - સરહદ પર વ્યૂહાત્મક શાંતિને તેના સર્વકાલીન મિત્ર પાકિસ્તાન દ્વારા સતત લશ્કરી દબાણ સાથે જોડવા માગે છે. અહેવાલે એમ પણ કહ્યું હતું કે LAC પર શાંતિ જાળવીને, ચીન ભારત સાથેના સંબંધોને સ્થિર કરી રહ્યું છે અને દિલ્હીને વોશિંગ્ટનની નજીક જતા અટકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહેવાલની આ વાત હસી કાઢવા જેવી નથી. આ અહેવાલને ચીને જો કે ફગાવી દીધો છે અને તેના પર પ્રતિક્રિયા આપતા એ મુજબ કહ્યું છે કે તે ભારત અને ચીનના સુધરેલા સંબંધોને બગાડવા માટેનો અમેરિકી પ્રયાસ છે. જો કે ચીન ભલે આમ કહેતું હોય પરંતુ અરૂણાચલ પ્રદેશ પર તેના લાંબા સમયના દાવાને જોતા, ભારતે સાવધાન રહેવાની તો જરૂર છે જ.

એક નાનું મક્કમ પગલું

વિનયના જીવનમાં બહુ મોટી ઉથલપાથલ થઈ ગઈ, એક બાજુ પત્નીને મોટી બિમારી થઈ અને તેની પોતાની નોકરી છૂટી ગઈ. બે બાળકોની જવાબદારી, હોસ્પિટલની દોડાદોડી અને ખર્ચા, આવક બંધ થઈ ગઈ હતી. બચતમાં થોડા મહિનાઓ નિકળશે પછી શું તેની ચિંતા વિનયને સતાવી રહી હતી. ચિંતાગ્રસ્ત વિનય શું કરવું તેના વિચારોમાં હોસ્પિટલની બહાર બાંકડા પર બેઠો હતો. વિનયના પિતા ત્યાં આવ્યા અને ધીમેથી તેની બાજુમાં બેઠા. થોડીવાર સુધી કઈ બોલ્યા નહીં. વિનય નિરાશ થઈને માથું નીચું નાખી બેઠો હતો ધીમેથી બોલ્યો, 'પપ્પા, ચારેબાજુથી મુશ્કેલીઓથી એવો ઘેરાઈ ગયો છું કે કઈ ખબર નથી પડતી કે શું કરું?' પપ્પાએ વિનયનો હાથ પકડી બોલ્યા, 'દીકરા, જીવન છે મુશ્કેલીઓ આવે અને અત્યારે નસીબજોગે ચારેબાજુથી મુશ્કેલીઓ આવી પડી છે ત્યારે બેટા તારે હિમત રાખવી પડશે અને લડવું પડશે.' વિનય રડી પડ્યો, 'પપ્પા મને કઈ સમજાતું નથી કે આટલી મોટી મુશ્કેલી સામે હું કઈ રીતે લડુ? અને શું માર્ગ કાઢું? નીપાને હોસ્પિટલમાં એકલો છોડી શકતો નથી, નોકરી શોધવા પણ અત્યારે ક્યાં જાઉં અને બાળકોની જવાબદારી એકલા હાથે કેવી રીતે નિભાવું અને નીપાના ઇલાજનો ખર્ચ. આટલા બધા મોરચે કઈ રીતે લડુ કઈ સમજાતું નથી.' પપ્પા બોલ્યા, 'દીકરા મારો અનુભવ કહે છે કે

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ગમે તેટલી મોટી મુશ્કેલી હોય તેની સામે લડવા કોઈ બહુ મોટા નિર્ણયો કે પગલા લેવાની જરૂર હોતી નથી. જરૂર હોય છે એક નાના મક્કમ પગલાની!' વિનય બોલ્યો, 'એટલે શું પપ્પા એવું ક્યું નાનું પગલું મુશ્કેલીઓ દૂર કરી નાખશે?' પપ્પાએ કહ્યું, 'એક નાનું પગલું મુશ્કેલીઓ દૂર નહીં કરી નાખે પણ આટલી મુશ્કેલીઓ સામે હું કઈ નહીં કરી શકું તેમ હારીને બેસવા કરતા, કમર કસીને મુશ્કેલીઓ સામે લડી લેશું એમ નક્કી કરીને પહેલું મક્કમ નાનું પગલું ઉપાડવાની જરૂર છે.' વિનયે કહ્યું, 'તમે જ કહો પપ્પા શું કરું? ક્યાંથી શરૂઆત કરું?' પપ્પાએ કહ્યું, 'સૌથી પહેલા દીકરા નિરાશા ખંખેરીને હિમત ભેગી કર. મુશ્કેલી સામે લડવા તૈયાર થઇ જા. મારી, તારી મમ્મી અને નીપાના મમ્મી પપ્પા સાથે વાત કર. બાળકોને પણ ધીમેધીમે હકીકત સમજાવ અને પછી પહેલા પગલા તરીકે આ લે મારી ૨ લાખની ફિક્સ્ડ ડિપોઝીટ જે તોડીને તું કોઈ નાનો બીઝનેસ ચાલુ કરી દે, તારી અત્યારની પરિસ્થિતિ અને સંજોગ મુજબ તારા માટે નવી નોકરી શોધવી અને તેની ફરજ પૂરી કરવી અઘરી થશે પણ તારું પોતાનું કામ તું ગમે ત્યારે અને ગમે તે જગ્યાથી કરી શકીશ. ભલે નાનું કામ હોય શરૂઆત કરી દે.' પપ્પાના શબ્દોથી વિનયમાં હિમત આવી તેણે રાત્રે જ ઓનલાઈન માર્કેટિંગ કન્સલટન્સીનો પ્લાન બનાવ્યો તરત જ મિત્રોને ફોન કરી સંજોગો સમજાવી પોતાની ઓનલાઈન કન્સલ્ટન્સી શરૂઆત કરી છે તે જણાવ્યું અને ધીમેધીમે કામ મળવા લાગ્યું. પોતાની ગાડીમાં જ ઓફિસ બનાવી વિનય ચારેબાજુથી આવી પડેલી મુશ્કેલીઓ સામે લડવા માંડ્યો.

શાળા-કોલેજોમાં રમતગમતની તો ગેમ થઈ ગઈ

હાથ ઉપર...નીચે, બાજુ... સામે, દર શનિવારે ગુજરાની શાળાઓમાં સાવારે પ્રથમ તાસ અંગ કસરતનો હતો.

શાળાઓના મેદાનમાં સૌ વિદ્યાર્થીઓ વ્યાયામ શિક્ષના આદેશોનું પાલન કરતા. જેમ મજાક-મસ્તી-ટીખળ પણ હતી જ. સ્કૂલ કોલેજોમાં રમતગમત હવે સ્વપ્ન થઇ ગયું છે. હજુ નાના સેન્ટરોમાં શાળાઓ પાસે મોટા મેદાનો છે પણ શહેરોમાં જગ્યા ચોરસ મીટરના ભાવે મપાય છે એટલે સ્કૂલોને મેદાનો પોસાતા નથી અને જેને અત્યંત જરૂર છે તેવી પ્રાથમિક શાળાઓ શોપીંગ સેન્ટરોમાં ચાલે છે. એટલે તેની પાસે મેદાન છે જ નહીં. મેદાન નથી એટલે મેદાનમાં રમાય તેવી રમતો નથી આપણા સમાજ જીવનમાં આમ પણ રમતગમતનું સ્થાન વિડીયો ગેમ અને મોબાઈલ ગેમે લઇ લીધું છે. એટલે બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી અંગ કસરત અને રમતગમત કાયમ માટે જ દૂર થઇ ગઈ છે. હવે ક્યાંય કબ્બડ્ડી, ખોખો જેવી રમતો રમાતી જોવા મળતી નથી. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની તો જાણે હવે જરૂર જ નથી રહી. આ લખાય છે ત્યારે મોરબીમાં રાજ્યકક્ષાનો યુવક મહોત્સવ યોજાઈ રહ્યો છે. આજથી દસ બાર વર્ષ પહેલાં જ શાળાકોલેજોની સંસ્કૃતિક સ્પર્ધાઓનો ઘડો લાડવો થઇ ગયો છે. બાળકને ડોક્ટર એન્જીનીયર બનાવવ માંગતા માબાપ બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં "સમય બગાડે" તે ઈચ્છતા નથી. કોલેજોમાં તો વચ્ચે સપ્તધારાનો અલગ જ પ્રવાહ ચાલેલો. એક અધિકારીના માનસસંતાન જેવી આવી પ્રવૃત્તિઓ કોલેજોના યુવક મહોત્સવ અને રમતગમત મહોત્સવથી સમાંતર ચાલતી. જે અધિકારી બદલાતા મૃતપ્રાય થઇ અને તેને વર્ષોથી ચાલતા યુવક મહોત્સવ અને રમત ગમત સ્પર્ધાઓને પણ નુકસાન પહોચાડ્યું. કોલેજોમાં તો મૂળમાં વિદ્યાર્થીઓ હવે ભણવા જ નથી આવતા, તો આવી ઈતરપ્રવૃત્તિઓમાં ક્યાંથી આવે? સ્કૂલોમાં પણ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ જાનયુઆરીથી સ્કૂલમાં આવવાનું બંધ કરી દે છે. એટલે આ ઈતરપ્રવૃત્તિ માટે શ્રેષ્ઠ એવા શિયાળાનાં આ બે મહિનામાં હવે સ્કૂલોમાં કંઈ થતું નથી.

મીડિયા અને નવી બજારુ સમજણનાં પ્રતાપે ગુજરાતનાં

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

શિક્ષણ એ સર્વાંગી વિકાસની પ્રક્રિયા તો જ બને જો બાળકમાં કલ્પનાશીલતા વિકસે, સાહસ વિકસે, શારીરિક પરિશ્રમની ટેવ પડે. આજનાં શાળા જીવનમાંથી આ બધું જ નાશ પામ્યું છે. સરકાર વાતો તો મોટી મોટી કરે છે પણ શાળામાં શારીરિક શિક્ષણના શિક્ષકો નથી, ચિત્ર અને સંગીતના શિક્ષકો નથી

શાળાજીવનમાં ચાલતી કેટલીક જીવનની ઘડતરની બાબતોનો છેદ ઉડી ગયો છે. અને સમજૂ શિક્ષકો હવે નવી માથાકૂટ ઉભી કરવા માંગતા નથી એટલે એક બાજુ અત્યંત ક્રૂર રીતે વિદ્યાર્થી સાથે મારપીટ કરતા શિક્ષકો સંચાલકોના કિસ્સા સામે આવે છે તો બીજી બાજુ એ પુસ્તકના જ્ઞાનથી સંતોષ માનનારા શિક્ષકો વધતા જાય છે. બાકી જૂના સમયમાં વિદ્યાર્થીને

થતી શિક્ષા પણ તેના ઘડતરનો જ એક ભાગ હતી. જેમકે અંગુઠા પકડવા, ઉભડક બેસીને કાન પકડવા, હાથ ઊંચા રાખીને ઉભા રહેવું, મેદાનમાં બે ત્રણ ચક્કર કાપવા. આ તમામ પ્રવૃત્તિ દેખીતી રીતે સજા હોવા છતાં શરીરને ખડતલ બનાવવામાં મદદ રૂપ થતી. હા મૂળ પ્રશ્ન પ્રમાણ માપનો છે. આવું જ શિક્ષણેતર પ્રવૃત્તિઓનું છે. ચિત્રકામ એ ચીવટ સર્જનાત્મક અને ધીરજનાં ગુણ વિકસાવે છે. વક્તૃત્વ સ્પર્ધા વિષય સમજણ તર્કશક્તિ અને વક્તવ્ય સ્કીલ વિકસાવે છે. શિક્ષણ એ સર્વાંગી વિકાસની પ્રક્રિયા તો જ બને જો બાળકમાં કલ્પનાશીલતા વિકસે, સાહસ વિકસે, શારીરિક પરિશ્રમની ટેવ પડે. આજનાં શાળા જીવનમાંથી આ બધું જ નાશ પામ્યું છે. સરકાર વાતો તો મોટી મોટી કરે છે પણ શાળામાં શારીરિક શિક્ષણના શિક્ષકો નથી, ચિત્ર અને સંગીતના શિક્ષકો નથી. કોલેજોમાં પણ ઘણા સમયથી શારિરીક શિક્ષણાના પ્રોફેસરો નથી. ગુજરત કોમનવેલ્થનું આયોજન કરવાનું છે. ગુજરતમાં કોઈ બાળક કે યુવાનને સ્પર્ધાઓ માટે તેયાર કરવાની ક્યાંય વ્યવસ્થા નથી. આપણે આયોજનમાં ધંધો શોધીએ છીએ પણ ગુજરાતમાં રમતગમત પ્રત્યેનો અભિગમ વિકસે તેનો પ્રયત્ન નથી કરતા. વાલીઓને જ બાળક ભણવા સિવાય કશાયમાં જોડાય તેમાં રસ નથી એટલે શાળા કોલેજના સંચાલકોને ભાવતું મળ્યું છે.

છેલ્લે એક અલગ વાત, ગુજરાતી શાળામાં વર્ગની ઓળખાણ માટે એક સરસ શબ્દ વપરાતો હતોઃ 'ધોરણ'. ધોરણ ૧, ધોરણ ૨ .ધોરણ ૧૦. આપણા શિક્ષણમાં આ ધોરણ જ ભૂલી જવાયું છે. ધોરણ એટલે સમજણનું સ્તર. આપણે ધોરણો નક્કી કરવાં જોઈએ- ભાષામાં, ગણિતમાં, વિજ્ઞાનમાં. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એ ધોરણો એટલે કે સમજણની કક્ષા હોવી જોઈએ.

શિક્ષણને ચોક્કસ સમયગાળા સાથે નહીં, સમજણ સાથે જોડવું જોઈએ. જેને જ્યાં ભણવું હોય ત્યાં ભણે, જેની પાસે ભણવું હોય ત્યાં ભણે, જે રીતે ભણવું હોય એ રીતે ભણે. સરકાર માત્ર પરીક્ષા લે અને ધોરણ તપાસે.

આમ પણ બધાને તો ડીગ્રીની જરૂર હોતી નથી. આપણે શું ભણ્યા એ મહત્વનું હોવું જોઈએ, ક્યાં ભણ્યા એ નહીં? આ વાત સરકારને અને સમાજને સમજાય તો શિક્ષણ સુધરે. બાકી, અત્યારે આપણું શિક્ષણ સ્કૂલ રીક્ષાને વાનવાળા, ટ્યુશન ક્લાસીસવાળા, ગાઇડવાળા અને છેલ્લે કાપલીની માઇક્રો ઝેરોક્ષ કરી આપનારા ચલાવી રહ્યા છે. તે મૂળભૂત કેળવણી માટે નથી થઇ રહ્યું.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

અજબ છાપાનાં ગજબ ફરફરિયાં!

છાપાને ખબર છે કે બીજા દિવસે પસ્તીમાં જ ફેંકાવાનો છું. છતાં ફરફરિયાંના દમામ ભારી બહુ! બેગાની શાદીમેં અબ્દુલ્લા દીવાના જેવું! એવાં બનીઠનીને આવે કે, જાણે નાગ ઉપર દેડકી ડાન્સ કરે! વર્ષોથી છાપાની બોલબાલા છે દાદૂ, એટલે સ્વાભાવિક છે કે, છાપાની ગર્લફ્રેન્ડ હોય એમ, ફરફરિયા ફફડતાં જ હોય કે, "તું જહાં જહાં ચલેગા મેરા સાયા સાથ હોગા!" છાપાનો ખભો નહીં છોડે! ફાટે પણ ફીટે નહીં. કોઈ કાળા-ધોળા હોય તો કોઈ ફેસિયલ કરાવીને આવ્યા હોય એમ, 'ઈસ્ટમેન કલર'માં જોવા મળે! પરણેતર કરતા કુરેલી સારી લાગે, એવું ફિલ કરાવી દે! છાપા વગર ફરફરિયાંને ગૃહ પ્રવેશ કરવાની હિંમત નહીં ચાલે. જે દિવસે છાપું મોડું પડે તે દિવસે. ફરફરિયાં પણ મોડા પડે. આ બંને માનવીના એવા વ્યસન બની ગયા કે, સવારમાં છાપું ઓટલે નહીં પડે તો, ગર્લફ્રેન્ડ મોડી પડી હોય એટલો ઉત્પાત થવા માંડે. પૃથ્વી રસાતાળ થઈ જતી હોય એવો ઉદ્વેગ આવી જાય! નબળા ગ્રહો આંગણામાં નાચ કરતા હોય એવું લાગે. ચોઘડિયા કાળ પરિવર્તન પામ્યા હોય એમ સવાર લુખ્ખી લાગે. ગૃહ-ભાર્યાએ ભલે હુંફાળા પ્રેમથી મલમલ જેવી ચાહ બનાવી હોય પણ કારેલાના જ્યુસ જેવી લાગે. આવી છે છાપાની અને ફરફરિયાની મોહમાયા! મોહમાયાનો ત્યાગ કરીને જેમણે સંસાર ત્યાગી, ભગવા ધારણ કર્યા છે, એ પણ આવી મોહમાયાને ત્યાગી શકતા નથી! તોઓઓઓ?

ફરફરિયા એ છાપા સાથે આવતા આંગળીયાત જેવા છે. છાપા સાથે ટીંગાયને આવે. અમુકને સારા લાગે, તો અમુકના બ્લડ પ્રેસર ઊંચા-નીચા પણ કરે. ફરફરિયાને બદલે ડ્રોઈંગરૂમમાં પાડા ઘુસી ગયા હોય, એવા કટાણા મોંઢા કરાવે. પતિ ક્યારેય કાયમ પત્નીનો પાલવ પકડીને બેસી રહેતો નથી, ત્યારે ફરફરિયાં તો ગૃહિણીના માર્ગદર્શક હોય. ખરીદીના સ્થાનિક સવલતના સરનામાં આપે. ચટણી વગર ફાફડા જેવા ફાફડા ફિક્કા લાગે એમ ફરફરિયા વગરનું છાપું આવે તો છાપું પણ વિધુર લાગે. ઠાંસી ઠાંસીને છાપામાં આવતા સમાચારો પચાવવા સહેલા થોડા છે? કંઈક તો મારણ તો જોઈએ ને? ફરફરિયામાં એ મિજાજ છે. મગજ ડાયવર્ટ કરી આપે! જે દિવસે છાપા સાથે ફરફરિયાં નહીં આવે તે દિવસે, અમુકની તો કબજીયાત 'જામ' થઈ જાય. કબજીયાત હલવાનું નામ નહીં લે. દાદાને જેમ મૂડી કરતા વ્યાજ વ્હાલું લાગે એમ, અમુકને છાપા કરતા ફરફરિયા વ્હાલા લાગે. અમુક તો છાપા કરતા ફરફરિયાને પહેલા વાંચે! ફરફરિયાં પણ એક વ્યસન છે મામૂ!

મફતના મરી છે, કોને તીખા લાગે? બાકી ઉકળાટ તો થાય હંઅઅઅકે? બંદાએ છાપાનું લવાજમ ભરેલું કે ફરફરિયાંનું? એમાં જ્યારે વાર તહેવાર કે રજાના દિવસો આવે ત્યારે તો પગાર કરતા બોનસ વધી ગયું હોય એમ છાપા સાથે ફરફરિયાં વધારે છૂટે! જાણે કાળુડી કુતરીને આવ્યા ગલુડીયા ચાર કાબરા ને ચાર ભુરિયા હોજી! ડીપાણમાં જોઈએ તો ફરફરિયાંમાં હોય છે શું?

ગામના ટાવર ઉપર કઈ હાટડી ખાલી થઇ, ને કઈ દુકાન નવી ઉઘડી કે, ક્યો બાવો ટાઉનમાં ભેદી વાત લઈને આવ્યો છે, ને ખમણવાળા જ તૂટી પડ્યા હોય! પોતાનું એકેય હાડકું ભાંગ્યું ના હોય, તોયે હાડવૈધની જાહેરાત વાંચવાની એટલે વાંચવાની! બેડરૂમથી વોશરૂમ સુધી જવાના ફાંફા ભલે પડતા હોય, તો પણ પ્રવાસની જાહેરાતમાં ડોકિયા કરવાનાં એટલે કરવાના! એટલે તો ફરફરિયાં પણ ઉમંગથી વંચાય. કહો કે વધારે વંચાય! ફરફરિયા એટલે ગૃહિણીનો ભોમિયો અને પતિનો માથાનો દુખાવો! પૈસા ખંખેરવાનો કીમિયો! વળી ફરફરિયાંની 'હેડલાઈન' પણ જાણે પોતીકી અને આકર્ષક લાગે. લગન માટે કોના ઘરે છોકરા છોકરી ઉપલબ્ધ છે, એટલી જ માહિતી નહીં આવે, બાકી ઉઠો ત્યાંથી રાત સુધીની સુવિધાની જાહેરાત છાપું કરતા ફરફરિયા વધારે આપે. કોઈ વાતે મૂંઝારો નહીં આવવા દે! ફરફરિયાની એ જમાવટ છે મામૂ! ભલે આપણે છાપું નાંખતા ફેરિયાની કદર ઓછી કરતા હોય પણ, પ્રત્યેક છાપા નાંખનારા ફેરિયા પણ એક જાજરમાન કલાકાર છે. કમાલ કરે છે યાર? શું એમની છાપું ફેંકવાની કારીગીરી? માળ ત્રીજો હોય કે, પાંચમો, છાપું એવી 'સ્ટાઈલ'થી ફેંકે કે, ફેંકેલું છાપું ચોક્કસ માળે ને ચોક્કસ જગ્યાએ જ પડે. છાપું નાંખનારો ફેરિયો ભલા ભુપને પણ, પ્રસાદની માફક હાથમાં છાપું આપતો નથી. એને ખબર કે, છાપાના સમાચારો ઢોળાવાના નથી. પણ છાપા સાથે આવેલા ફરફરિયા, ક્યારેક રમતા ભૂત જેવા થઇ જાય. ઓટલા ઉપર ઘેંટા ચરતા હોય એમ, ફરફરિયાં છુટા પડીને ઓટલો ભરી નાંખે. આવું બનતું નથી પણ આ તો એક વાત થાય! જેનામાં હસવાની રૂચી કે મનોરંજનનાં સરોવર છે, એને ફરફરિયાંમાંથી પણ હસવાનો મસાલો મળી રહે. અમારો ચમન-ચલ્લી પણ ફરફરિયાંનો જ આશિક! પરણેતર કરતા કુરેલીમાં રસ વધારે રાખે એવો! હમણાં હમણાં બંદાએ ટ્યુશનની હાટડી ચાલુ કરી છે. ફરફરિયાંમાં જાહેરાત આપી કે, "અમારું ટ્યુશન લેવાથી અમારા વિદ્યાર્થીઓ ૧૨ માં ધોરણમાં અંગ્રેજીનાં વિષયમાં ૧૦૦ ટકા લાવ્યા.' એના કપાળમાં કાંદા ફોડું, ફરફરિયામાં છપાઈને આવ્યું કે, 'વિદ્યાર્થીઓને ૧૦૦ ટાંકા આવ્યા!' બોલ્લો! હસવું જ હોય તો, ફરફરિયાની ભૂલ પણ ગલગલીયા કરાવે! છાપું અને ફરફરિયા સમાજનું અનિવાર્ય અંગ છે. છાપું વિશ્વ

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

દાદાને જેમ મૂડી કરતા વ્યાજ વ્હાલું લાગે એમ, અમુકને છાપા કરતા ફરફરિયા વ્હાલા લાગે. અમુક તો છાપા કરતા ફરફરિયાને પહેલા વાંચે! ફરફરિયાં પણ એક વ્યસન છે મામૂ! મફતના મરી છે, કોને તીખા લાગે? બાકી ઉકળાટ તો થાય હં કે?

સમાચાર આપે અને ફરફરિયા ગામના! દેખાડા કરતા પ્રભાવિત વધારે કરે. છાપાનો ઘરાનો જરા ઉંચો, જ્યારે ફરફરિયાનું કામકાજ BPL જેવું! શબ્દોના આભુષણ પણ વધારે છાપકામની ભૂલ પણ વધારે હોય! ક્યારેક અર્થનો અનર્થ તો એવો કરી નાંખે કે, ફર્નીચર વગરના મોંઢામાં પણ પાણીના ઝરા ફૂટવા માંડે. ભેરવાઈ જવાય યાર? રવાડે પણ ચઢાવે ને, ઠેકાણે પણ નથી. હોય, ને હોય તેવું દેખાતું નથી, એવું જ કામકાજ ફરફરિયાનું! નામ હોય 'જીગર' પણ, જીગર સાથે 'હસ્તધૂનન કરીએ તો હથેળીમાં ઉનાળો ઉગાડે! જીગર ગીઝર જેવો નીકળે! અમુકના નામ હસમુખ હોય, પણ ચોવીસ કલાકનો રડમુખ હોય, એના જેવું! આવા લોકો માત્ર ટ્રાફિક જ વધારે, માત્ર વસ્તી ગણતરી પૂરતાં જ કામમાં આવે. સમાજ પાસેથી કંઈ લાવે. યોગી પણ બનાવે, ઉપયોગી પણ બનાવે ને ભોગી પણ બનાવે. ક્યારેક તો એવી તાંત્રિક જાહેરાતો આવે કે, હાસ્ય માટે યોગ શોધવાની જરૂર જ નહીં પડે. હમણાં જ એક જાહેરાત વાંચી કે, "અમારે ત્યાં ચૂલ્હા ઉપર બનાવેલી વાનગીઓ જેવી કે, ચૂલ્હે બનાવેલી ખીચડી, ચૂલ્હે બનાવેલી દાળ, ચૂલ્હે બનાવેલી રોટલી ને ચૂલ્હે બનાવેલા વિવિધ શાક સાથે ચૂલ્હે બનાવેલુ 'જ્યુસ' પણ મળશે. બાકી બધું તો ઠીક પણ ચૂલ્હે બનાવેલા જ્યુસમાં સમજ નહીં પડી. પછી પૂછી જોયું ત્યારે ખબર પડી કે, એ ફટીચર દારુ ને જ્યુસ કહેતો હતો!

આ જગત જેમ દેખાય તેવું હોતું લઇ પણ નહીં શકે, ને સમાજને કંઈ આપી પણ નહીં શકે! અમુક તો જન્મ્યા ત્યારથી જ કાળ ચોઘડિયાં જેવાં! ગાંધારીએ મૂઠ મારી હોય એમ, હસવાની ક્ષણ આવે ત્યારે જ ભમરા ઉડાડતા હોય! હસવું બહુ અઘરું છે યાર!

ફરફરિયાંની મોટામાં મોટી તકલીફ એવી કે, જેવું છાપું ખોલીએ એટલે ફરફરિયા ખોળામાં આપઘાત કરવા માંડે. ઈચ્છા હોય કે ના હોય, ખોળે લેવા જ પડે. એક ફરફરિયામાં લખેલું કે, "બનારસ ઘરાનાના સંગીત સમ્રાટ કાનસેન, ફલાણા હોલમાં ફલાણી તારીખે આવનાર છે." જાહેરાતની હેડલાઈન એવી જોરદાર મુકેલી કે, જાણે તાનસેનનો વારસદાર પધારવાનો હોય! ઔરંગઝેબ પણ પલળી જાય. એમાં અમારો ચમનીયો પણ પલળી ગયેલો! મોંઘીદાટ ટિકિટ લઈને વાઈફ સાથે ગયો તો ખરો, પણ કાનમાંથી ફીણ નીકળવા માંડ્યું. કોથળામાંથી બલાડું નીકળ્યું. કાર્યક્રમ શાસ્ત્રીય સંગીતનો હતો ને, બધું ઉપરથી જતું હતું. વાઈફે ઊંઘ ખેંચી કાઢી, ને ચમનીયાએ ઢેબરા ઝાપટતા ડોકું ધુણાવીએ રાખ્યું! ને ઉઘાડી આંખે નસકોરાં કાઢેલા! બાલમંદિરનાં છોકરા બારમાની પરીક્ષા આપવા બેઠા હોય, એવી હાલત થઇ ગયેલી! થોડી થોડીવારે બાજુવાળાને પૂછે કે, 'આ ગાયકને 'સારેગમ -પધનીસા'ના સાત જ અક્ષર આવડે છે કે આગળ કંઈ આવડે છે?

લાસ્ટ બોલ

ડિસેમ્બરમાં લગન કરવાવાળાને
એક જ તકલીફ વાઈફ એક વર્ષ
જૂની જલ્દી થઇ જાય.
તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

વિચારવાની પદ્ધતિ બદલવાનો સંકલ્પ

નૂતન વર્ષનો પ્રારંભ થવાનો હોય તે પહેલા સંકલ્પ વિરલાઓ નવતર સંકલ્પ લેવા અંગે વિચારણા કરવા માંડે છે. દરેક વ્યક્તિ પોતાને અનુકૂળ આવે એવો સંકલ્પ લેતા જોવા મળે છે. કોઈ નવી નવી જગ્યાએ ફરવા જવાનો સંકલ્પ કરે તો વળી કોઈ નવા નવા કૌશલ્ય શીખવાનો સંકલ્પ લે છે. ઘણા બધા સંકલ્પોનું બાળમરણ પણ થતું હોય છે. એક સર્વે એવું જણાવે છે કે 70 % જેટલા સંકલ્પોનું આખા વર્ષ માટે પાલન થતું નથી. માણસે પોતે લીધેલા સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે પોતાની જાતને પ્રોમિસ આપવાની આવશ્યકતા છે તો જ સંકલ્પનું પૂરેપૂરું પાલન થઈ શકે. દરેક માણસ કોઈપણ બાબતને પોઝિટિવ રીતે વિચારવાનો સંકલ્પ પણ લઈ શકે છે. દાખલા તરીકે આપણી આસપાસ સંબંધીઓ કે મિત્રોની મર્યાદા , ખામી કે નબળાઈને જાણવા છતાં પણ તેના પર ધ્યાન નહીં આપવાનો સંકલ્પ લઈ શકાય છે. એકવીસમી ટેકનોલોજીની સદીમાં પણ કોઈ વ્યક્તિનું અપલક્ષણ શોધીને બીજા આગળ હાઈલાઈટ કરવાને બદલે તેનામાં રહેલી સારી બાબતો અંગે કેમ આપણે વિચારી નહીં શકીએ? આપણા જાણીતા પરિચિત લોકોની ખોડખાંપણ ધ્યાનમાં લઈને તેની ટીકા પણ કરીએ છીએ. પરંતુ એ જ વ્યક્તિની સારી બાબતોને આપણે જાણીબુઝીને નજરઅંદાજ કરીએ છીએ. ચાલો, આપણે સૌ 2026 ના વર્ષ માટે પરંપરાગત રીતે વિચારવાની પદ્ધતિ બદલીને કોઈની પણ મર્યાદાને પ્રેમથી ચલાવી લઈને નૂતન દ્રષ્ટિથી એને આવકારીએ.

નવસારી ડૉ. જે. એમ. નાયક

કોર્ટનો સ્તુત્ય નિર્ણય

સાત વર્ષની દિકરીને દીક્ષા અપાવવા મુદ્દે દિકરીના માતા-પિતા વચ્ચે છેલ્લા છ મહિનાથી ઘર્ષણ ચાલી રહ્યું છે. માતાની જીદના કારણે એક માસૂમ સાત વર્ષીય પુત્રીના ભવિષ્ય પર અંધકાર છવાઈ ગયો. પુત્રીના વિવિધ સપનાઓ પૂરા થાય તે તે પહેલાં જ, તેને કચડી નાંખવા તત્પર પત્નીના ત્રાસથી કંટાળી આખરે પિતાએ કોર્ટનું શરણું લીધું. કોર્ટના આ આદેશ મુજબ, માતાને ફક્ત કાનૂની મંજૂરી સાથે જ દીક્ષા માટે આગળ વધ